પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૪૦ ૨૧ એપ્રિલ, ૨૦૧૯, રવિવાર; ચૈત્ર વદ - ૨ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦




# પૂર્વા એક્સપ્રેસ પાટા પરથી ખડી પડી

## ૨૫ મુસાફરો ઇજાગ્રસ્ત : રેલવે વિભાગના અધિકારીઓમાં ભાગદોડ : અકસ્માતના કારણે ૧૧ ટ્રેનોને રદ કરાઇ

કાનપુર,તા. ૨૦ હાવડાથી નવી દિલ્હી જઈ રહેલી ૧૨૩૦૩ પૂર્વા એક્સપ્રેસ મોડી રાત્રે અકસ્માતનો શિકાર થઈ હતી. આ ટ્રેન પાટા પરથી ખડી પડતા ઓછામાં ઓછા ૨૫ લોકો ઘાયલ થયા હતા. કાનપુરથી આશરે ૧૫ કિલોમીટરના અંતરે અડી રાત્રે ૧૨-૫૦ વાગે આ ટ્રેન દુર્ઘટના થઈ હતી. રૂમા ગામ પાસે આ ટ્રેન પાટા પરથી ખડી પડી હતી. દુર્ઘટનામાં પૂર્વા એક્સપ્રેસના ૧૨ કોચ પાટા પરથી ખડી પડ્યા હતા. જ્યારે ચાર કોચ પાટથી પરથી સંપૂર્ણપણે ખડી પડ્યા હતા. આ દુર્ઘટના થયા બાદ તંત્રમાં ભાગદોડ મચી ગઈ હતી. આ બનાવ બન્યા બાદ ૧૧ ટ્રેનોને તરત જ રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. કેટલીક ટ્રેનોને ડાયવર્ટ પણ કરવામા ંઆવી હતી. રેલવે દ્વારા કહેવામાં આવ્યુ છે કે તપાસ બાદ યોગ્ય કારણ જાણી શકાશે. દરમિયાન કાનપુર સેન્ટ્રલથી એક સ્પેશિયલ ટ્રેન મારફત આશરે ૯૦૦ યાત્રીઓને નવી દિલ્હી માટે રવાના કરવામા ંઆવ્યા છે. રેલવે અધિકારીઓએ કહ્યુ છે કે કોઈ યાત્રીને ગંભીર ઈજા થઈ નથી. રેલવે દ્વારા હેલ્પ લાઈન નંબર પણ જારી કરવામાં આવ્યા છે.













